©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII]** **FRIDAY, 27th MARCH, 2026/CHAITRA 06, 1948** **[No. 2241**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ, ભુજ-કચ્છ

### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૯૯
### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ નાં નિયમ-૫૦ની જોગવાઈ હેઠળનાં વિકાસ ચાર્જ

## અધિસુચન

**તા. ૨૫-૦૨-૨૦૨૬**

નં. ભાડા/ટેક/ડેવ.ચાર્જ/૨૦૨૬/૧૨૩૦.–કચ્છ જિલ્લામાં ભુકંપ-૨૦૦૧ પછી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬(-જેનો હવે ‘‘સદરહુ અધિનિયમ’‘તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ની કલમ-૫(૧)અને ૩(અ) હેઠળ પુનઃવસન અને પુનઃસ્થાપનના ખાસ ઉદેશ્યથી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા.૦૯-૦૫-૨૦૦૧ વાળા ઠરાવથી જિલ્લા-કચ્છ, તાલુકા-ભુજમાં આવતાં ભુજ નગરપાલિકા વિસ્તાર, ગામઃ મિરઝાપરનો સમગ્ર મહેસુલી અને ગામતળ વિસ્તાર અને ગામઃ માધાપરનો આંશિક મહેસુલી અને ગામતળ વિસ્તાર ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ હસ્તકના વિકાસ વિસ્તાર તરીકે સમાવિષ્ટ થયેલ છે. જેમાં હાલ સરકારશ્રીના તા.૨૫-૦૨-૨૦૧૯વાળા જાહેરનામાથી અમલી પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૨૫ની હદમાં સમાવિષ્ટ થતા વિસ્તારમાં આયોજન અનુરૂપ વિકાસના અને જન સુખાકારીના કામો માટે જમીનો અને બાંધકામો પર સદરહુ અધિનિયમની કલમ-૯૯ અંતર્ગત વિકાસ ચાર્જ(Development Charges) પ્રવર્તમાન સીજીડીસીઆર-૨૦૧૭ની જોગવાઈ મુજબ વિકાસ પરવાનગી આપતી વેળાએ વસુલ કરવા માટે સત્તામંડળની તા.૧૮-૧૧-૨૦૨૫ ની બોર્ડ બેઠક નં.૪૨ના ઠરાવ નં.૦૩માં વિકાસ ચાર્જના સુચિત દરો નક્કી થવા નિર્ણય લેવાયેલ છે.

આથી, ધ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૫૦ મુજબ જાહેર જનતા જોગ જાહેરાત કરવામાં આવે છે કે,

અ. અમલી વિકાસ યોજનાની હદમાં આવતી જમીનો અને બાંધકામો પર વિકાસ પરવાનગી પાઠવતી વેળાએ વિકાસ ચાર્જ વસલવા માટેના સદરહુ અધિનિયમની કલમ-૧૦૦ હેઠળ વિકાસ ચાર્જના સુચિત દરો નીચેના કોષ્ટકની વિગતે છે.

| ક્રમ | હેતુ | ખુલ્લી જમીન માટે પ્રતિ ચો.મી. દીઠ રૂા. | બાંધકામ ક્ષેત્રફળ માટે પ્રતિ ચો.મી. દીઠ રૂા. |
|---|---|---|---|
| ૧ | રહેણાંક | ૧૦/- | ૨૦/- |
| ૨ | વાણિજ્ય | ૧૫/- | ૩૦/- |
| ૩ | ઔધોગિક | ૧૨/- | ૨૫/- |
| ૪ | અન્ય | ૦૫/- | ૧૫/- |

બ. ધ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૫૦(૨) મુજબ આ અધિસુચન/જાહેર નોટીસનો મુસદો સરકારી અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાના તારીખથી ૩(ત્રણ) મહિનાની અંદર ઉક્ત સુચિત વિકાસ ચાર્જના દરોના સંદર્ભે કોઈ વ્યક્તિ કે સંસ્થા ને વાંધા કે સૂચનો હોય તો આવા વાંધા/સૂચનો અને રજૂઆત પરત્વે તમામને વ્યક્તિગત સાંભળ્યા બાદ વિચારણા કરી, સરકારશ્રીને મંજૂરી માટે સૂચિત વિકાસ ચાર્જ વસૂલ કરવા માટેની દરખાસ્ત સાદર કરવામાં આવશે.

આ અધિસૂચન/જાહેર નોટીસનો મુસદો સરકારી અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેથી, મુસદા અંગેની જાહેર નોટીસ નીચેના સરનામે મુકવામાં આવશે, તેમજ કચેરીમાં કચેરી સમય દરમિયાન જાહેર જનતાએ જોવા માટે ખુલ્લી રાખી સમજાવાની વ્યવસ્થા કરેલ છે. જેની ભુજ વિસ્તાર વિકાસ સતામાંડળ તમામ નાગરિકો/સબંધિત વ્યક્તિઓએ નોંધ લેવી.

**ડો. એ. બી. જાદવ GAS**
મુખ્ય કારોબારી અધિકારી
ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ
ભુજ-કચ્છ

**કચેરીનું સરનામું :**

ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ, 'ભાડા ભવન',
વાણિજ્ય સંકુલ-બી, રાવલવાડી રીલોકેશન સાઈટ,
એરપોર્ટ રીંગ રોડ,ભુજ-કચ્છ ૩૭૦૦૦૧,
ફોન નં.-(૦૨૮૩૨) ૨૨૧૭૩૪
વેબસાઈટ : www.bhujada.com, ઈમેઈલ: bhujadabhuj@gmail.com

---

Government Press & Stationery, Rajkot.

Signature valid
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.03.28 13:49:12 IST